— COPY —

# THE GANDHIDHAM CHAMBER OF COMMERCE & INDUSTRY


(ESTD. 1953)
"CHAMBER BHAVAN", Plot No. 71, Sector 8, Post Box No. 58,
**GANDHIDHAM** - Kachchh - 370 201.
**Phone** : +91-02836-220977, 220735 • **Mobile** : 99250 37814 • **Fax** : 220888
**e-mail** : info@gccikandla.com • **Website** : www.gccikandla.com


No. GCCI / 724

તા.૧૮.૦૨.૨૦૧૯

પ્રતિ,
મે.શ્રી પંકજ કુમાર સાહેબ, (આઈ.એ.એસ)
અધિક મુખ્ય સચિવ (મહેસુલ)
નવા સચિવાલય,
ગાંધીનગર.

**વિષય : મીઠા ઉત્પાદન માટે લીઝ હોલ્ડરોને મંજુર થયેલ જમીન પર લોન મેળવવા માટેના મંજુરી બાબતે.**

સંદર્ભ : ૧) ગુજરાત સરકારના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક : મઠજ/–૧૫૯૭/૧૩૭૨/ક, ના તા. ૧૦/૧૦/૨૦૦૦.
૨) ગુજરાત સરકારના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક : મઠજ/૧૦૧૭/૩૨૩૨/અ.૧, તા. ૧૮/૦૭/૨૦૧૮.

સવિનય વિનંતી સાથે જણાવવાનું કે, ગુજરાત રાજયમાં મીઠા ઉત્પાદન માટે જમીન લીઝ પર મળવા માટે ઉપરોકત સંદર્ભદર્શિત તા. ૧૦/૧૦/૨૦૦૦ તથા તા. ૧૮/૦૭/૨૦૧૮ વાળા મીઠા ઉત્પાદન માટે સરકારી પડતર જમીન આપવાના ઠરાવ ની ક્રમ નંબર (૧૦) ની જોગવાઈ મુજબ મીઠા ઉત્પાદન માટેની મંજુર થયેલ જમીન માં મીઠા ના ઉદ્યોગ માટે નાણાંકીય સુવિધા પ્રાપ્ત થઈ શકે તે હેતુ માટે બેંક લોન(મોર્ટગેજ) મેળવવા માટેની મંજુરી ના અધિકારો સરકારશ્રી પાસ છે.

ગુજરાત રાજયમાં ભારત માં સૌથી વધુ મીઠા નું ઉત્પાદન કરતું રાજય હોઈ. મીઠા નો ઉદ્યોગ ગુજરાત રાજય માટે ઘણો મહત્વનો છે. આ માટે જરૂરી નાણાંકીય સુવિધા મેળવવા મંજુરી અંગેના અધિકારો ઉપરોકત ઠરાવોથી સરકારશ્રી પાસે હોઈ. લોન (મોર્ટગેજ) ની મંજુરી માટે ની પ્રક્રિયા ખુબ જ લાંબી અને વધારે સમય પસાર થાય છે. મીઠા ના ઉત્પાદન માટે ની સીઝન નો સમય ગાળો ફકત ૭–૮ માસ નો ટૂંકો ગાળો હોવાથી જો સમય દરમ્યાન લોન (મોર્ટગેજ) ની પ્રક્રિયા પૂર્ણ ન થાય તો લીઝ હોલ્ડર ને મીઠા ઉત્પાદન ની કામગીરી ચાલુ કરવામાં ૧ વર્ષ વિલંબ થાય છે. જેના કારણે લીઝ હોલ્ડરોને આર્થીક નુકશાન ઉઠાવું પડે છે

ઉપરોકત લોન (મોર્ટગેજ) ના અધિકારો સરકારશ્રી પાસે હોઈ. જો આ અધિકારો ઉપરોકત ઠરાવોની શરતોને આધિન સ્થાનિકે જિલ્લા કલેકટરશ્રી ઓને આપવામાં આવે. તો આ લોન અંગેની પ્રક્રિયા સરળ અને ટૂંકા સમયે ગાળા માં પૂર્ણ થઈ શકે. અને લીઝ હોલ્ડરોને જરૂરી નાણાંકીય સુવિધાઓ સહેલાઈ થી પ્રાપ્ત થઈ શકે. જેના કારણે લીઝ – હોલ્ડરો મીઠા ઉત્પાદન માટે નું જરૂરી બાંધકામ, મશીનરીઓ ઉભી કરી મીઠા નું ઉત્પાદન ઝડપ થી કરી શકે. જેથી લોન (મોર્ટગેજ) ની મંજુરીના અધિકારો જિલ્લા કલેકટરશ્રીઓની કક્ષા એથી મળવાની અમારી આ રજુઆત ઘ્યાને લેવા આપશ્રી સાહેબ ને નમ્ર વિનંતી છે.

આપ સાહેબના સહકારની અપેક્ષા સહ..

આપનો વિશ્વાસુ

(દિનેશ ગુપ્તા)
પ્રમુખ